# ગાંધીનગર સમાચાર

તાપમાન
મહત્તમ : ૩૩.૦ ડીગ્રી
લઘુતમ : ૧૯.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૩ ટકા ● સાંજે ૩૦ ટકા

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૩ | ૧૪ માર્ચ, ૨૦૧૬, સોમવાર ; ફાગણ સુદ - ૬ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


## હિમાચલમાં ભારે હિમવર્ષા

### તમામ જગ્યા પર બરફની ચાદર : પંજાબ, હરિયાણામાં ભારે વરસાદથી ઘઉં સહિતના પાકને નુકસાન : મેરઠમાં વરસાદ બાદ પાંચના મોત

નવીદિલ્હી, તા. ૧૩ ઉત્તર ભારતમાં હવામાનમાં એકાએક પલટાની અસર વચ્ચે ઘણા રાજ્યોમાં હિમવર્ષા, વરસાદ અને તોફાની પવનની અસર જોવા મળી છે જેના પરિણામ સ્વરુપે તાપમાનમાં ઉલ્લેખનીયરીતે ઘટાડો થયો છે. સિમલાથી પ્રાપ્ત અહેવાલ મુજબ હિમાચલ પ્રદેશમાં તોફાની પવન સાથે ભારે હિમવર્ષા અને વર્ષા થઈ છે. જેના લીધે રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં તાપમાનમાં પાંચથી સાત ડિગ્રીનો ઘટાડો થયો છે. ઉંચાણવાળા વિસ્તારોમાં ભારે હિમવર્ષા થતાં ચારેબાજુ બરફની ચાદર છવાઈ ગઈ છે. સિરમોરનમાં ચુરધાર પહાડી અને કાંગરામાં ધોલાધર પહાડી વિસ્તારમાં ભારે હિમવર્ષા થઈ છે. રોહતાંગ પાસ પાસે પણ ભારે હિમવર્ષા થઈ છે. કેલોંગ આદિવાસી વિસ્તારમાં પણ ભારે હિમવર્ષા થઈ છે. કાલકા, ભારમોર, કોઠી, હંસા, મનાલી, રોહતાંગ ખાતે પણ ભારે હિમવર્ષા થઈ છે જેથી મનાલી અને રોહતાંગ માર્ગ ઉપર બરફની ચાદર છવાઈ ગઈ છે. સિમલા અને આસપાસના વિસ્તારોમાં ભારે વરસાદ થયો છે જેથી ફરીવા ઠંડીનો ચમકારો જોવા મળ્યો છે. ધર્મશાળા, મનાલી, સિમલામાં ભારે વરસાદ થયો છે. આવી જ રીતે જમ્મુથી પ્રાપ્ત અહેવાલ મુજબ જમ્મુ-શ્રીનગર

● અનુસંધાન પાન-૭ પર

## માલ્યા સામે બિનજામીનપાત્ર વોરંટ

### ૧૩મી એપ્રિલના દિવસે કોર્ટમાં ઉપસ્થિત કરવાનો આદેશ કરાયો : નિષ્ક્રિય બનેલી કિંગફિશર એરલાઈન્સમાંથી બાકી નિકળતા નાણા મેળવવા માટે કર્મચારીઓ સુપ્રીમમાં જવા તૈયાર

નવીદિલ્હી, તા. ૧૩ ટોપના કારોબારી તથા કિંગફિશર એરલાઈનના ચેરમેન વિજય માલ્યા અને કંપનીના પૂર્વ મુખ્ય ફાઈનાન્સ અધિકારી એ રઘુનાથની સામે હૈદરાબાદની એક અદાલતે બિનજામીનપાત્ર વોરંટ જારી કર્યું છે. કોર્ટે પોલીસને માલ્યાને ૧૩મી એપ્રિલ સુધી રજૂ કરવાનો આદેશ કર્યો છે. હકીકતમાં વોરંટ હૈદરાબાદ ઈન્ટરનેશનલ એરપોર્ટ તરફથી વિજય માલ્યાના ચેક બાઉન્સ થવા અને ચુકવણી ન કરવાની સ્થિતિ ઉપર તેમની સામે કેસ ચલાવવાની અપીલ કરવામાં આવી હતી. ત્યારબાદ આ વોરંટ જારી કરાયું છે. વિજય માલ્યા અને એ રઘુનાથનની સામે વોરંટ જારી કરવામાં આવ્યું છે. એરપોર્ટના અધિકારીઓએ હૈદરાબાદમાં કિંગફિશર એરલાઈન્સની સામે ૧૧ કેસ દાખલ કરાવ્યા છે. આ અગાઉ હૈદરાબાદની એક કોર્ટે માલ્યા અને રઘુનાથનને ૧૦મી માર્ચ સુધી હાજર થવા માટે આદેશ કર્યો હતો પરંતુ હાજર નહીં થવાના પરિણામ સ્વરુપે કોર્ટે બિનજામીનપાત્ર વોરંટ જારી કર્યા છે.

● અનુસંધાન પાન-૭ પર


ONLY COUPLE & FAMILY TOUR
ગોવા-મહાબળેશ્વર | રાજસ્થાન, કેરાલા
કુલુ મનાલી-સિમલા | દાર્જીલીંગ-ગેંગટોક
કાશ્મીર-વૈષ્ણવદેવી | નૈનીતાલ-કોર્બેટ
All India Tour Organiser
હીના ટુર્સ
Since 2006
પોલીસ ચોકીની બાજુમાં, મ્યુઝીયમ રોડ, પાલડી, અમદાવાદ
26578686 • 94270 31010
આણંદ-9724535952 | નડીયાદ-2551911
www.heenatours.net

www.chipsairexp.com
પરદેશ પાર્સલ સેવા
CHIPS Express Pvt Ltd
10+ U.K. : 170/-
30+ U.S.A. : 260/-
30 + CANADA : 340/-
ATARIA, The Business Hub, Shop No. B-32, 'KH-O', Sargasan 4 Roads, Gandhinagar. M. 9227706105
Preeti Mall, F-2, Opp. City Mall-2, KALOL. M.: 9227706105, 9898036257
chipsairinternational@yahoo.co.in









